ગાંધીનગર સમાચાર

આગામી ૨૮ મીએ ગીધની ગણતરી હાથ ધરાશે

# શહેરમાં પવનના જોર વચ્ચે ગરમીના પ્રમાણમાં ઘટાડો

## મહત્તમ તાપમાન ૪૨.૮ : રજાના દિવસે શહેરમાં ગરમીની અસરથી સન્નાટો

ગાંધીનગર તા ૨૨

શહેરમાં ગરમી પ્રકોપ હજુ પણ યથાવત છે. ચાર દિવસ પુર્વે ગરમીનો પારો ૪૮ ડી ગ્રીએ પહોંચી જતા રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. છેલ્લા ૨૦ દિવસથી ગરમીનો પારો ૪૩ ડી ગ્રીને પાર હોવાથી નગરજનો અસહ્ય ગરમીથી બેબાકળા બની ગયા છે. જયારે છેલ્લા બે દિવસથી આકાશમાં વાદળોની સંતાકુકડી વચ્ચે પવન સાથે ઘુળિયુ વાતાવરણ સર્જાતા નગરજનો ગરમીમાં પ્રમાણમાં રાહત અનુભવી રહયા છે. આજે પણ ગરમીનો પારો ૦.૭ ડી ગ્રી ગગડ્યો હતો. જયારે દિવસ દરમિયાન પવન સાથે ઘુળની ડમરીઓ ઉડતા વાહનચાલકો પરેશાન થઈ ગયા હતા.

શહેરમાં છેલ્લા ૨૦ દિવસથી ગરમીએ આક્રમણ કરતા નગરજનો હીટવેવથી તોબા પોકારી ગયા છે. ગરમીએ તમામ હદ વટાવી દેતા આમ નાગરિકોએ આગમાં ભુંજાવાનો વારો આવ્યો હોય તેવો અહેસાસ કરી રહયા છે. છેલ્લા કેટલાક દિવસોથી ગરમીએ આકરો મિજાજ બતાવતા મહત્તમ તાપમાન ૪૮ ડી ગ્રીને પાર થઈ ગયુ હતુ.

જો કે ગરમીનો પારો ઘટતા છેલ્લા બે દિવસથી ૪૪ ડી ગ્રીની નીચે ઉતરી ગયો છે. આકરી ગરમીએ નગરના જનજીવનને અસ્તવ્યસ્ત કરી નાંખ્યુ છે. ત્યારે છેલ્લા બે દિવસથી સર્જાયેલા વાતાવરણ પલ્ટાના લીધે ગરમીનુ જોર ઘટયુ છે. શુક્રવાર સાંજથી વાતાવરણમાં બદલાવ આવતા દિવસ દરમિયાન પવન સાથે ધુળની આંધી જેવુ વાતાવરણ જોવા મળે છે. વાતાવરણમાં ઉડતી ધુળના લીધે શ્વાસ તેમજ દમના અને ફેફસાની બિમારી ધરાવતા દર્દીઓ પરેશાન થઈ ગયા છે. ત્યારે બીજીતરફ ગરમીનો પારો ૪૩ ડી ગ્રીની નીચે આવતા હીટવેવમાં પણ રાહત થઈ છે. જો કે હજુ પણ ગરમીનુ જોર યથાવત છે. આજે પણ મહત્તમ તાપમાન ૪૨.૮ ડી ગ્રી નોંધાયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૨૯.૫ ડી ગ્રી નોંધાયુ હતુ.

મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે ૧૩ ડી ગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. જો કે ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૦.૭ ડી ગ્રી ગગડયો હતો. જયારે આજે રજા હોવાથી દિવસ દરમિયાન શહેરના માર્ગો પર સુનકાર જોવા મળ્યો હતો.

# ગાંધીનગર રેન્જમાં દિપડાના સર્વેનો રીપોર્ટ નીલ આગામી ૨૮ મીએ ગીધની ગણતરી હાથ ધરાશે

## ભુતકાળમાં પીંડારડા તેમજ સંત સરોવર વિસ્તારમાં દિપડાના સગડ મળ્યા હતા, જેના આધારે વનતંત્રની ટીમે સર્ચિંગ કર્યુ

ગાંધીનગર તા ૨૨

વન વિભાગ દ્વારા રાજયમાં રીંછ અને દિપડાની ગણતરી હાથ ધરવામાં આવી હતી. જો અન્વયે ગાંધીનગર રેન્જમાં પણ ગણતરીની પ્રક્રીયાના અંતે તંત્રને નીલ રીપોર્ટ મળ્યો હોવાનુ ધ્યાને આવ્યુ છે. ભુતકાળમાં ઈન્દ્રોડા પાસે સંત સરોવર વિસ્તાર અને પીંપળજમાં દિપડાએ દેખા દીધી હોવાથી વન તંત્ર દ્વારા આ ઠેકાણે બે પોઈન્ટ ગોઠવી સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. પરંતુ આ દરમિયાન વનતંત્રની ટીમને દિપડા કે રીંછના કોઈ સગડ મળ્યા નથી. આગામી તા ૨૮ અને ૨૯ મેં દરમિયાન રેન્જમાં ગીધની ગણતરી હાથ ધરાશે.

ગાંધીનગરના પીંડારડા તેમજ ઈન્દ્રોડા પાસે સ્થિત સંત સરોવર વિસ્તારમાં દિપડાએ દેખા દીધી હોવાનુ ભુતકાળમાં પ્રકાશમાં આવ્યુ હતુ. હાલ સમગ્ર રાજયમાં રીંછ તેમજ દિપડાની ગણતરી હાથ ધરવામાં આવી હતી. તા ૨૦થી ૨૨ મેંદરમિયાન હાથ ધરાયેલી ગણતરી દરમિયાન ગાંધીનગર રેન્જમાં પણ ખાસ કરીને પીંડારડા તેમજ ઈન્દ્રોડા પાસે સ્થિત સંત સરોવર વિસ્તારમાં સર્વે હાથ ધરવા માટે વન તંત્ર દ્વારા બે પોઈન્ટ પર ૧૦ ફોરેસ્ટર અને બીટ ગાર્ડની ટીમને જવાબદારી સોંપવામાં આવી હતી. સમગ્ર કામગીરીનુ સુપરવિઝન આર એફ ઓ તેમજ જિલ્લા વન

● અનુસંધાન પાન-૭ પર




મનમેં હૈ વિશ્વાસ - ગતિશીલ ગુજરાતના પ્રણેતા અને રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના શાસનને પુરા બે વર્ષ રવિવારે થયા... જોગાનુજોગ રવિવારે જ સ્માર્ટ વિલેજ લૉન્ચીંગનો કાર્યક્રમ મહાત્મા મંદિર ખાતે યોજાયો હતો... આરોહ-અવરોહની વચ્ચે પણ ગુજરાતને ગતિશીલ રાખવામાં જેમનો જુસ્સો અડીખમ રહ્યો છે એવા આનંદીબેનનો જુસ્સો આજે પણ તેમની વાણી અને વર્તનમા પડઘાતો હતો...

# રાજ્યના જળસંકટ માટે કોંગ્રેસ જવાબદાર છે

## રાજયના જળસંકટ માટે નર્મદાના દરવાજાની કોંગ્રેસે સમયસર મંજૂરી આપી નહિ તે જવાબદાર છે : આનંદીબેન : લોકસંવાદ સેતુ તાયફા નહિ લોકો સાથે સરકારનો સંવાદ છે અને વર્ષમાં ત્રણ વાર કરીશું : વડાપ્રધાન મોદીએ આજે મન કી બાતમાં ગુજરાત સરકારની કામગીરીને બિરદાવી છે તેનું મને ગૌરવ છે

ગાંધીનગર, તા.૨૨

રાજયમાં પાણીની ઉભી થયેલી સમસ્યા માટે કોંગ્રેસ સૌથી વધુ જવાબદાર હોવાનું જણાવી મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું કે જળસંચય પર ધ્યાન આપ્યું નહિ અને નર્મદાની ફાઈલો દબાવી રાખી.

આજે સ્માર્ટ વિલેજ યોજનાનો પ્રારંભ કરાવતાં તેમમે જણાવ્યું હતું કે નર્મદા યોજના પર દરવાજા ફીટ કરવાની ફાઈલો દબાવી રાખી, જો તેને સમયસર મંજૂરી અપાઈ હોત તો ૨૦૧૦માં દરવાજા ફીટ થઈ ગયા હોત અને આજે ગુજરાતમાં પાણીની સમસ્યા જે વિકટ બની છે તે ના બની હોત.

તેમણે કહ્યું હતું કે વડાપ્રધાનનો કાર્યભાર સંભાળ્યા બાદ ૧૭મા દિવસે નરેન્દ્રભાઈએ મંજૂરી આપી હતી અને વિભાગ, નિગમના તમામ કર્મયોગીઓ જે રીતે કામે લાગ્યા છે તે જોતાં હું ગર્વ સાથે કહેવા માગું છું કે મંજૂરી મળ્યા પછી જે સમય મર્યાદા કામ માટે નિતય કરાઈ હતી તેના કરતાં છ મહિના પહેલાં આ કામ પૂર્ણ થઈ જશે.

નિયત સમય મર્યાદામાં કામ પૂર્ણ થાય એ જરૂરી છે પણ ગુજરાત છે સમય મર્યાદા કરતાં પણ વહેલું કામ પૂર્ણ કરીને જ જંપીશું.

તેમણે કોંગ્રેસને આડે હાથ લેતા કહ્યું કે ૪૦ વર્ષ રાજયમાં શાસનની ધુરા સંભાળી ત્યારે શૌચાલયો બનાવવાની કેમ કોઈ યોજના હાથ ન ધરી? ગ્રામીણ વિકાસ માટે કેમ નકકર આયોજનો ના કર્યા?

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે નર્મદાના પુનઃવસન સહિતના પ્રશ્નો અંગે સંબંધિત રાજયોની બેઠક પ્રધાનમંત્રીએ તેમના અધ્યક્ષસ્થાને યોજી અને સમયમર્યાદામાં પ્રશ્નોના ઉકેલનો આગ્રહ કર્યો છે તે બતાવે છે કે કેન્દ્ર સરકાર ગુજરાત માટે કેટલી ચિંતીત છે.

તેમણે ઉદાહરણ આપતાં કહ્યું કે આજે 'મન કી બાત'માં પ્રધાનમંત્રીશ્રી મોદીએ ગુજરાતમાં ટપક સિંચાઈ ક્ષેત્રે થયેલી કામગીરીને બિરદાવી જળ સંચય ક્ષેત્રે ચાલતી પ્રવૃત્તિને સઘન બનાવવા શું કરવું જોઈએ તેનું મહત્વ સમજાવ્યું હતું.

રાજયની દુષ્કાળની સ્થિતિનો પણ તેમણે ઉલ્લેખ કરી રાજય સરકાર જે રીતે કામ કરી રહી છે તેને પણ બિરદાવી હતી.

મારી ગુજરાત સરકાર સંવેદનશીલ છે તેનો આ પુરાવો છે. તેમણે કહ્યું કે શાળા આરોગ્યથી લઈ અનેક વિધ મહત્વના કાર્યો મારી સરકાર કરી રહી છે.

લોક સંવાદ સેતુના કાર્યક્રમને કોંગ્રેસ તાયફા સરકાર કહી રહી છે તેવું કહે છે. અરે ભાઈ આ તાયફા

● અનુસંધાન પાન-૭ પર

# મહાત્મા મંદિરના કાર્યક્રમમાં ખેડૂતનું ૩૫૦૦૦ની રોકડ ભરેલું ખીસ્સુ કપાયુ

ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગર શહેરના મહાત્મા ગાંધી મંદિર ખાતે મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં સ્માર્ટ વિલેજ યોજનાનો શુભારંભ કાર્યક્રમ હતો. જેમાં રાજયભરમાંથી મોટી સંખ્યામાં ખેડૂત કાર્યકરો હાજર રહ્યા હતા. આ સ્માર્ટ વિલેજ કાર્યક્રમમાં ભાગ લેવા ભાવનગરના વલ્લભીપુર તાલુકાના ભાણવી ગામના ખેડૂત કાળુભાઈ બેચરભાઈ ગોહિલ પણ આવ્યા હતા કાળુભાઈ પોતાની સાથે અંદાજીત રૂ. ૩૫૦૦૦ની રોકડ પણ લઈ આવ્યા હતા. કાર્યક્રમ પૂર્ણ થતા તમામ ઉપસ્થિતો માટે ભોજનકક્ષમાં ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. જયાં ભોજન વખતે ભારે ભીડ હોવાના કારણે કોઈ ગઠીયાએ કાળુભાઈના ખીસ્સામાંથી રૂ. ૩૫૦૦૦ની રોકડ સેરવી લીધી હતી. આમ થોડા સમય બાદ ખીસ્સુ કપાઈ ગયુ હોવાની જાણ કાળુભાઈને થતા તુરંત સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વધે નામના તમારી એવી શુભકામના અમારી



મેઘ વિપુલભાઈ ઠક્કર

12th CBSCમાં ૯૭.૨% માર્કસ મેળવી આપનું તથા પરિવારનું ગૌરવ વધારવા બદલ અમારા ખૂબ ખૂબ અભિનંદન.

જયંતિભાઈ - દિનેશભાઈ - રાજુભાઈ તથા વઘાસિયા પરિવાર

વૃંદાવન સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ જીઆઈડીસી, ગાંધીનગર

# શિક્ષણ વિચાર ગોષ્ઠી માટે ૪૦થી વધુ પ્રશ્નો

## મહાત્મા મંદિર ખાતે ૨૫મીએ શૈક્ષણિક ગુણવત્તા સુધારવા શિક્ષણ વિભાગની મહાગોષ્ઠી યોજાશે

ગાંધીનગર, તા.૨૨

પ્રવેશોત્સવ, ગુણોત્સવ, આદર્શ શાળા, શાળાની ભૌતિક સુવિધાઓ, શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન, મધ્યાહન ભોજન યોજના, શાળા આરોગ્ય તપાસણી તેમજ માધ્યમિક શાળાઓની ગુણવત્તા સહિતના ૪૦થી પણ વધુ પ્રશ્નોની પ્રશ્નાવલી શિક્ષણ વિભાગના તંત્રએ તેની ચિંતન શિબિર માટે તંત્રના અધિકારીઓને મોકલી આપી છે.

પ્રવેશોત્સવ, ગુણોત્સવ માટે સૂચનો પણ માગ્યા છે. આ પ્રશ્નાવલીમાં જો કે અત્યંત નાની નાની બાબતોને પણ આ કાર્ય શિબિર યા તો મહાગોષ્ઠીમાં આવરી લેવામાં આવી છે. જેમ કે મધ્યાહન ભોજન યોજના નિયમિત શાળામાં ચાલે છે? સપ્તાહમાં એકવાર સુખડી અપાય છે? શિક્ષકો રસોઈ ચાખે છે. રજીસ્ટરમાં મુલાકાતીઓની નોંધ થાય છે કે કેમ? તેવા પ્રશ્નો પુછવામાં આવ્યા છે.

આગામી ૨૫મીએ મહાત્મા મંદિરમાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં શિક્ષણ વિભાગની એક દિવસીય વિચાર ગોષ્ઠી યોજાવાની છે તેની તૈયારીઓ તંત્ર દ્વારા ચાલી રહી છે. જેમાં સાત જેટલી બાબતોને લઈ ચાલીસથી વધુ પ્રશ્નો પુછાયા છે.

આ પ્રશ્નાવલિમાં આગામી દિવસોમાં યોજાનાર શાળા પ્રવેશોત્સવને લઈ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોએ પ્રવેશ મેળવ્યો? શાળામાં કેટલા બાળકો, ત્રણ માસથી વધુ કેટલા બાળકો શાળાઓમાં ગેરહાજર રહ્યા, ૨૦૧૫-૧૬ દરમિયાન દ્વિતીય સત્રની લેખિત પરીક્ષામાં કેટલા બાળકો ગેરહાજર રહ્યા? આપના વિસ્તારમાં કેટલી શાળા? ગુણોત્સવને લઈ પણ સાતથી વધુ પ્રશ્નો આ પ્રશ્નાવલીમાં સામેલ કરાયા છે.

શાળાના સર્વગ્રાહી મૂલ્યાંકનને લઈ સાત જેટલા, ભૌતિક સુવિધાને લઈ પણ પાંચથી વધુ પ્રશ્નો અને શાળા આરોગ્ય ચકાસણીને લઈ પાંચથી વધુ પ્રશ્નો પુછવા ઉપરાંત આ બધી બાબતોમાં પૂર્વતૈયારી સાથે મહા વિચાર ગોષ્ઠીમાં આવવા શિક્ષણના તમામ સ્તરના અધિકારીઓને જણાવવામાં આવ્યું છે.

શિક્ષણ વિભાગ દ્વારા આ મહાવિચાર ગોષ્ઠીને આધારે આગામી વર્ષનો રોડમેપ તૈયાર કરવામાં આવનાર છે. આ વખતે પ્રવેશોત્સવમાં પણ મળેલા સૂચનોને સમાવવામાં આવશે તેમ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.


ગાંધીનગર માટે LED TV, LCD TV રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

મંડપ કેટરીંગ લાઈટીંગ ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

કાર ભાડે મળશે
ઈન્ડીકા, ઈન્ડીગો, ટવેરા, ઈનોવા, ૧૨-સીટ વિંગર, ૧૪-સીટ ટેમ્પો, ૧૯/૨૯ -સીટ મિની બસ, ૪૫-સીટ બસ, એ.સી. કોચ વોલવો ભાડે મળશે.
મેરેજ કાર : ● હોન્ડા સીટી ● કેમરી ● ક્રુઝ ● મરસીડીઝ ● બીએમડબલ્યુ ● સેઝ લીમો
ટુર પેકેજ : કેરલ, ગોવા, રાજસ્થાન, એમ.પી., કાશ્મીર, મહારાષ્ટ્રા, વૈષ્ણોદેવી
પાસપોર્ટ :- વિઝા કન્સલ્ટન્ટ ● એર ટીકીટ ● બસ ટીકીટ
હેતશ્રી ટ્રાવેલ્સ
૧૨૧, સુપર મોલ-૧, ઈન્ફોસીટી. મો. ૯૯૭૮૯ ૫૯૦૯૯, ૦૭૯૨૩૨૧૩૨૦૯




Book Your Seat Now
FABULOUS FOODIES CLUB
Presents First time in Gandhinagar
Exclusive LIVE COOKING SHOW
Entry Pass available @ Rs. 300



Chef Kaninika Mehta
Ph. : 9879 977286
LEARN DESSERTS & MOCKTAILS
on 29th May, 2016. Sunday
at CAMBAY RESORT, Time : 2:30 to 5:00 pm
Enrol and get Gift Vouchers worth Rs. 500
Organized by Dipali Raval
Ph. : 98244 11720

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com